Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# સુરેન્દ્રનગર જિલ્લાની ઐતિહાસિક વાવ

**GAGJIBHAI V. JAMOD**
M.PHIL SCHOLAR
DEPARTMENT OF HISTORY & CULTURE
GUJARAT VIDHYAPITH, AHMEDABAD

**પ્રસ્તાવના:**

ગુજરાત રાજયમાં સુરેન્દ્રનગર જિલ્લો સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર ગણાય છે. સુરેન્દ્રનગરની ભૌગોલિકતાથી જાણી શકાય છે કે, આ વિસ્તારમાં પાણીની તંગી રહી છે. આ વિસ્તારમાં એકેય બારમાસી નદી નથી. આ વિસ્તારમાં અનેક દુષ્કાળો પણ પડ્યા છે. વરસાદની તંગીને કારણે જીવન ઘણું જ હાડમારી ભર્યું રહ્યું છે. પાણીની તંગીથી તેની સંસ્કૃતિ જોઈએ તેવી વિકસી શકી નથી. તેથી જ આ વિસ્તારમાં જળ સ્થાપત્યોનો વિકાસ થયો છે. આ જિલ્લામાં ૩૦૦ જેટલી વાવ હોવાનો અંદાજ છે. આ વાવ રાજા, રાજ્યના શાસન અધિકારીઓ, દાસીઓ, ખવાસણો, વેપારીઓ, વહોરા, વણીક જાતિના લોકો, બહેનો, લાખો વણજારા તેમજ શાધુઓ વગેરે લોકોએ વાવ બનાવી અને પોતાનાથી થાય તેવાં ઉપાયો કરી સુરેન્દ્રનગર જિલ્લામાં પાણી બચાવવાનો પ્રયત્ન કર્યો છે.

જળસંગ્રહ પ્રણાલીઓમાં ‘વાવ’ એક વિશિષ્ટ મહત્વ ધરાવે છે. ગુજરાતમાં સામાન્ય રીતે ‘વાવ’, ‘વાવડી’ કે કોઈ ‘વાઈ’ જેવા વિવિધ નામે સંબોધવામાં આવે છે.

**વાવના પ્રકારો”**

માનવ સર્જિત જળાશયોમા વાવ ઐતિહાસિક, ધાર્મિક અને સ્થાપત્યની રીતે ઘણું મહત્વ ધરાવે છે. વાવના નિર્માણ માટે અનેક ઉલ્લેખો વસ્તુ શાસ્ત્રને લગતા સંસ્કૃત

ગ્રંથમાંથી મળી આવે છે. તેના આધારે 'વાવ'ના ચાર પ્રકાર પાડી શકાય છે. નંદા, ભદ્રા, જયા અને વિજયા. સુરેન્દ્રનગરમાં નંદા પ્રકારની વાવ વધારે જોવા મળે છે.[1]

સુરેન્દ્રનગર જીલ્લામાં શિલ્પ સ્થાપત્યની દ્રષ્ટીએ આગવી વિશેષતા ધરાવતી અનેક વાવ આવેલી છે. તે પૈકી સાત વાવનો ઉલ્લેખ આ સંશોધન લેખમાં કરવામાં આવ્યો છે.

**૧. ગંગા વાવ: (ઈ.સ. ૧૯૬૭)**

**સ્થાન**: ગંગા વાવ વઢવાણ શહેરની પૂર્વ દિશામાં ગંદવાડ તળાવ પાસે આવેલી છે.

**ઐતિહાસિક રૂપરેખા:**

સારંગદેવ વાઘેલાની મહારાણી જે રાજસ્થાનથી જયારે પરણીને આવી હતી ત્યારે તેની સાથે આવેલ દાસી ગંગાબાઈએ આ વાવ બનાવી હતી. દાસી ગંગાબાઈના નામ પરથી ગંગા વાવ નામ પડ્યું. આ વાવમાં એક શિલાલેખ હતો. જે હાલમાં વોટસન મ્યુઝિયમ રાજકોટમાં સંગ્રહિત કરેલ છે. આ વાવમાં ગંગા નામની દેરી આવેલી છે.[2]

**સ્થાપત્ય:**

ગંગા વાવ શિખરયુક્ત છે. પાંચ માળ ધરાવતી આ વાવ ઘણી કલાત્મક છે. કલાત્મક અને સુંદર કોતરણીને કારણે ઘણી રમણીય લાગે છે. આ વાવ સફેદ રેતીયાળ પથ્થરની બનેલી છે. આ વાવની લંબાઈ ૩૭.૫ મીટર અને પહોળાઈ ૩.૫ મીટર છે. તેના કુવાનો વ્યાસ આશરે ૫.૫ મીટર છે.[3]

વાવના પ્રથમ કોઠાથી કુવા સુધી આશરે ૭૭ પગથિયાં આવેલા છે. પગથિયાની બંને બાજુએ ગવાક્ષો છે બંને ગવાક્ષો મૂર્તિ વગરના ખાલી છે. આ વાવના દરેક મતવાલ ચોરસ ફરસ બંધી વાળા છે. દરેક મતવાલની નીચેના વાવના કોઠા તરફના ભાગે તોરણ કાંગરા વળી છજ્જ પટ્ટી આવેલી છે. દરેક મતવાલના ત્રિશટના મથાળે ઘેટ આકારના કળશ મુકેલ છે. આ વાવના ત્રીજા કોઠાની ડાબી તરફ એક સ્તંભના પથ્થરમાં અભિલેખ આવેલો છે. ઈ.સ. ૧૮૮૦માં અંગ્રેજ સર વોટસને આ લેખની નોંધ કરાવેલ છે. આ લેખ ઘસાયેલ હોવાથી માત્ર સવંત ૧૨૨૫ ફાગણ સુદ- ૬ ઉકેલી શકાયું છે.[4]

**૨ લાખુવાવ (ઈ.સ ૧૧૬૭)**

**સ્થાન**: વઢવાણ શહેરની પશ્ચિમેં લાખુપોળના દરવાજાની બહાર તળાવના અંદરના ભાગે આ વાવ આવેલી છે.

**ઐતિહાસિક રૂપરેખ:**

લાખુવાવ વિસલદેવની મહારાણીની દાસીએ બંધાવી હતી. તેના કુળદેવી શક્તિમાંતા અને રાંદલમાતાની યાદમાં આ વાવ બંધાવી હતી. આ વાવ લાખુપોળના દરવાજાની પાસે આવેલી હોવાથી ‘લાખુવાવ’ તરીકે ઓળખાય છે.[5]

**સ્થાપત્ય:**

પ્રસ્તુત વાવ સાદી  છે. રેતિયાળ લાલ પથ્થરની બનેલી છે. આ વાવની લંબાઈ આશરે ૨૫.૫ મીટર અને પહોળાઈ ૪.૫ મીટર છે. વાવના પ્રથમ કોઠામાં ઉતરતા ચૌદ પગથિયા છે. આ કોઠામાં પ્રવેશતા ઉતર-દક્ષિણ બાજુ દિવાલમાં સામ- સામે બે ગવાક્ષો છે. પરંતુ ગવાક્ષમાં કોઈ શિલ્પ નથી. પ્રથમ કોઠા પરથી બીજા પછી ત્રીજા કોઠામાં કુવા છે. કુવાના અંદરના ભાગની પહોળાઈ બાર ફૂટ છે. હાલ કુવો આશરે પાંત્રીસ ફૂટ સુધી ઉંડો છે. પરંતુ ઘણાં વરસો તેમાં કચરો ઠલવાયેલ હોવાથી સાચી ઉંડાઈ જાણી શકાઈ નથી. કુવા પર પાણી સિંચાઈ ની ગરગડી અને સુર્યનારાયણનું અંકન છે. આ વાવ થોડા વર્ષ પહેલાં મરામત થયેલ છે.[6]

**૩.ચોબારીવાવ: (૧૨ મી સદી )**

**સ્થાન** : આ વાવ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાથી ૨૦ કિ.મી અંતરે ચોબારી ગામે દક્ષિણ છેડે આવેલી છે.

**ઐતિહાસિક રૂપરેખા :**

આ વાવને ચૌમુખી વાવ પણ કહેવામાં આવે છે. ચૌમુખી શબ્દનો અર્થ ચાર પ્રવેશ કે મુખ એવો થાય છે. જેમ નામ સૂચવે છે તેમ આ વાવને ચાર પ્રવેશદ્વાર (મુખ) છે. ચોબારીનો અર્થ ચાર સીમાઓ દ્વારા ગામમાં પ્રવેશ થાય છે. આ વાવનું નામ તેના ગામ ચોબારી પરથી પડ્યું હશે. સ્થાપત્યની દ્રષ્ટીએ આ વાવ સંભવત ૧૨ મી સદીની જણાય છે.[7]

**સ્થાપત્ય :**

આ વાવને ચાર પ્રવેશદ્વાર હોવાથી સ્થાપત્યની દ્રષ્ટિએ વિજયા પ્રકારની વાવ છે. વાવની ચારે દિશામાં ઊતરતા સોપાન છે. અને મધ્યમાં કુવો છે. વાવની દક્ષિણે એક ચોરસ મંડપ જેવું બાંધકામ છે. જેના ચાર ઊભા સ્તંભ છે. જે ઉપરના આડા પાટડાને ટેકો આપે છે. વચ્ચેના બે સ્તંભો દક્ષિણ બાજુના પ્રવેશ દ્વારને જોડાઈને ચોરસ મંડપ

બને છે. વાવના પ્રવેશદ્વારની દીવાલોના ગવાક્ષોમાં સપ્તમાતુકા, મહિષાસુર, માર્ટીની, શેષાશાઈ વિષ્ણુ અને શિવની પ્રતિમા કંડારેલ છે. આ વાવમાં રહેલા કચરાને કારણે કુવાની ઉંડાઈ જાણી શકાતી નથી. સુરેન્દ્રનગર જિલ્લાની તમામ વાવ નંદા પ્રકારની છે. આ એક જ વાવ વિજયા પ્રકારની છે.

**૪. માધાવાવ: (ઈ .સ ૧૨૯૪)**

**સ્થાન** : માધવાવ સુરેન્દ્રનગરના દક્ષિણ – પૂર્વથી ૩ કી. મી ના અંતરે આવેલ વઢવાણ શહેરના સલાટ શેરીમાં વટકેશ્વર મહાદેવની બાજુમાં આવેલી છે.

**ઐતિહાસિક રૂપરેખા:**

આ વાવના નિર્માણ અંગે ભિન્ન –ભિન્ન મત પ્રવતે છે. ઈ. સ. ૧૨૯૪ માં કરણ વાઘેલાના મંત્રી માધવે પોતાના માતા પિતાની યાદમાં આ વાવ બંધાવી હતી.[8]

બીજો મત એવો છે કે વાઘેલા સોલંકી રાજા સારંગદેવના મંત્રી શ્રી માધવે આ વાવ બંધાવી હતી. ત્રિજો મત એવો છે કે આ વાવ વાઘેલા રાજવીઓના શાસનકાળ દરમ્યાન નાગર જ્ઞાતિના શ્રી મંતે બંધાવેલ હોય, કારણ કે આ વાવના ત્રિજા કોઠામાં જમણી તરફ ગોખમાં યુગલ પ્રતિમા નીચે ઘચાયેલ અભિલેખ છે. વળી એવું પણ કહેવાય છે કે આ વાવ છ કોઠાવાળી વાવ હોવાથી તેને ‘મહાવાવ’ પણ કહેતા હતાં. મહાવાવ શબ્દ અપભ્રંશ થઇ માધાવાવ તરીકે જાણીતી થઇ હશે.[9]

**સ્થાપત્ય:**

પ્રસ્તુત વાવ રેતીયાળ પથ્થરની બનેલી છે. આ વાવ છ ફૂટ અને સાત મજલવાળી છે. વાવની લંબાઈ ૩૭.૫ મીટર અને પહોળાઈ ૫.૫ મીટર છે. કુવાનો વ્યાસ ૭.૫ મીટર છે. વાવના પ્રવેશદ્વારથી લઈને છેલ્લા કોઠામાંથી જે તે માળની છેલ્લા કોઠા સુધી પહોચવા વાવની ઉત્તર-દક્ષિણે બંને તરફથી દીવાલોમાં ૨૦ ઇચ પહોળી અને ૩ ઇચ જાડા પથ્થરની પગથી છે.

પૂર્વાભિમુખ અને શિખરયુક્ત આ વાવ પ્રથમ કોઠામાં શિલ્પ મંડિત દ્વારશાખ અને તેના ઉપર તોરણયુક્ત કમાનોવાળો સુંદર પ્રવેશદ્વાર છે. દ્વારશાખની ઉભી તથા આડી તોરણ કમાનમાં દેવ-દેવીઓના શિલ્પો કંડારાયેલા દ્વારશાખની ડાબી-જમણી બંને બાજુ છ ફૂટ ઉંચી અને ત્રણ ફૂટ પહોળી લંબચોરસ દિવાલમાં ચોવીસ સમચોરસ ખાનાઓમાં વિવિધતા ધરાવતી ભૌતિક આકૃતિઓ છે. આ વાવના કોઠા ઉપરના મતવાલ કમળાકાર

કળશ મુકેલ છે. મતવાલની નીચેના ભાગની ચોરસ પટ્ટી કમાન કાંગરી કોતર કામથી સુશોભિત છે.

આ વાવના પ્રથમ કોઠાના ડાબી-જમણી તરફના ગવાંક્ષો છે. જેનાં કોઈ શિલ્પ નથી. બીજા કોઠાના જમણી તરફના ગવાક્ષમાં નવગૃહની મૂર્તિ અને ડાબી બાજુના ગવાક્ષમાં સૂંઢમાં વૃક્ષવાળા હાથીનું અને એક પ્રકારની મુદ્રાવાળા દેવોની આઠ કૃતિનું શિલ્પ છે. આ શિલ્પ ખંડિત હોવાથી સ્પષ્ટ પરિચય આપી શકાય તેમ નથી. ત્રીજા કોઠામાં જમણી તરફના ગવાક્ષમાં ગૃહસ્થ યુગલની ઉભી મૂર્તિ છે. જેના નીચે બે-બે પંક્તિનો અભિલેખ છે. હાલમાં આ અભિલેખ તદ્દન ઘસાયેલ અવસ્થામાં છે. ચોથા કોઠામાં ડાબી બાજુ ગવાક્ષમાં શેષાશાઈ વિષ્ણુ અને જમણી બાજુ ગવાક્ષમાં શિવ પાર્વતીના શિલ્પોકંડારાયેલ છે.

આ વાવ કુલ છ માળની છે. દરેક માળના છેલ્લા કોઠાથી કુવા તરફ ઝરૂખા બારી છે. છઠ્ઠા કોઠાની બેઠકની જગ્યાએથી સીધે-સીધું કુવામાં ઉતરતું પગથિયું છે. છેલ્લે કુવો ગોળાકાર છે. બળદ કોશ દ્વારા કુવામાંથી પાણી ખેંચી શકાય માટે કુવામાં પશ્ચિમ ભાગે તથા ઉત્તર તરફ પાણી સીંચવા માટેના પાવડા છે. સ્થાપત્યની દ્રષ્ટિએ ઉત્કૃષ્ઠ વઢવાણની માધાવાવ ગુજરાત રાજ્ય પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત સ્મારક છે.[10]

**૫. મિનળ વાવ: (ઈ. સ. ૧૩મી સદી)**

**સ્થાન**: મિનળવાવ સાયલાથી લગભગ ૨૫ કી.મી.ના અંતરે આવેલ ધાંધલપુર ગામની પશ્ચિમેં આવેલ છે.

**ઐતિહાસિક રૂપરેખા:**

લોકવાયકા અનુસાર અણહિલવાડ પાટણના કરણદેવ સોલંકીની રાણી મીનળદેવી એકવાર ધોળકા જતા અહી રોકાયા હતાં. અહી એક સિદ્ધસંતના તે દર્શને ગયા અને તેમનાં આશીર્વાદથી તેમને પુત્ર થયો હતો. આ પ્રસંગને સ્મરણ રાખવા માટે ધાંધલપુરમાં વાવ બંધાવી હતી. માટે 'મીનળવાવ' તરીકે ઓળખાય છે.[11]

**સ્થાપત્ય** :

આ વાવ ભૂખરા રેતિયા પથ્થરની બનેલી છે. વાવને સાત મતવાલ અને ચાર કૂટ છે. પ્રથમ કૂટમાં પડથારો, ગવાક્ષો, અને પ્રવેશદ્વારમાં બે ટોડાં છે. તેથી તે 'ટોડારીવાવ' તરીકે પણ ઓળખાય છે. કૂટના અંદરના ભાગે કમળની આકૃતિ કંડારાયેલી

છે. તેમજ બે પંખિયાવાળા ચાર કોઠા છે. વાવના ધાબા પર નાના શિખર અને મધ્યમાં ધુમ્મટ છે. વાવના અંદરના ભાગે કીર્તિમુખો અને અન્ય પ્રાણીઓની આકૃતિઓ પણ કોતરેલી છે. આ વાવની બાજુમાં એક વિશાળ પ્રતિમા પથ્થરની કંડારવામાં આવેલી છે જે ને 'ધુંધલીનાથ' કહેવામાં આવે છે. આ વાવ વઢવાણની ગંગાવાવ અને માધાવાવ જેટલી જ સ્થાપત્યની દ્રષ્ટિએ સુંદર છે. આ વાવ પણ સોલંકી કાલીન છે. આ વાવ ગુજરાત રાજ્ય પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત સ્મારક છે.[12]

**૬.રાજબાઈની વાવ** :

**સ્થાન** : આ વાવ વઢવાણથી દક્ષિણ- પશ્રિમે ૩૫ કી. મી અંતરે રામપુર અને નળિયા બે ગામની સીમા વચ્ચે જમણી તરફ આવેલી છે.

**ઐતિહાસિક રૂપરેખા** :

રાજબાઇની વાવમાં પ્રથમ ફૂટની બંને બાજુએ ખૂણામાં લગાવેલ દેવનાગરી લિપિમાં તકતી કંડારેલી છે. તકતી લેખમાં જણાવ્યા અનુસાર માહે માગસર સુદ શુકલપક્ષે સવંત ૧૫૩૮ (ઈ.સ. ૧૪૮૨) ઝંઝનગર (ઝીઝુવાડા) ના રેહવાસી શ્રી માલ જ્ઞાતિના શેઠ વીણાની ભર્યા રાજબાઇ તથા વલ્હારે સુર્યપુરમાં લોકોના ઉપયોગ માટે વાવ બાંધવી હતી. તે સમયકાળ દરમ્યાન મુળીમાં પરમાર વંશનું રાજ્ય હતું.[13]

**રાજબાઇ ની વાવનું સ્થાપત્ય**

આ વાવ રેતીયાળ લાલ પથ્થરની બનેલી છે. જે શિખરયુક્ત મુખવાળી વાવ અને મંડપ ધરાવતી વાવ છે. આ વાવની લંબાઈ ૪૮.૯૦ મીટર છે. પહોળાઈ ૫.૪૦ મીટર છે. કુવાનો વ્યાસ ૬.૬૦ મીટર અને ઉંડાઈ ૫૩.૧૦ મીટર છે. વાવની બંને બાજુ ભૂલ- ભુલામણી જેવા પગથિયા છે. આ વાવને છ મંજલા છે. તેના છેડે કુવો છે. વાવના અંદરના નીચેના પગથિયાનું માપ લંબાઈ ૪.૫૫ મીટર છે. અને પહોળાઈ ૧ ફૂટ છે. વાવની નીચે ઉતરતા જમણી બાજુએ શેષષાઈ વિષ્ણુની પ્રતિમા છે અને અન્ની ઉપર નવગૃહની મૂર્તિઓ છે. ગવાક્ષમાં રાંદલમાતાની પ્રતિમા છે. તેના પર સાંકર જેવી અને સક્કરપારાની ડિઝાઇન કોતરેલી છે.

આ વાવ સ્થાપત્યની દ્રષ્ટીએ કલાથી વિભુષિત છે. આ વાવ ૧૫માં સૈકાના સ્થાપત્યનું નોંધપાત્ર ઉદાહરણ છે.[14]

**૭. હામપુરની વાવ: (ઈ. સ. ૧૫૩૨)**

**સ્થાન**: આ વાવ ધ્રાંગધ્રા શહેરની પૂર્વમાં અંદાજે ૧૫ કી. મી.ના અંતરે આવેલ હામપુર ગામમાં આવેલી છે.

**ઐતિહાસિક રૂપરેખા** :

આ વાવ ઝાલા રજપૂતોએ બંધાવેલી છે. ઈ.સ. ૧૫૩૨માં સોલંકી કુળના જેતમાલે શિવમંદિર બંધાવ્યું હતું. અને આ વાવ પણ તેમણે બંધાવી હોય તેમ તજજ્ઞોના મંતવ્યો છે.

**વાવનું સ્થાપત્ય**:

આ વાવ ત્રણ માળની હતી. પરંતુ ર૬મી જાન્યુઆરી ૨૦૦૧ના રોજ આવેલ ભૂકંપમાં ધ્વસ્ત થઇ ગઈ હતી. આ ભૂકંપમાં બે માળ પડી ગયા છે. માત્ર નીચેનો માળ રહ્યો છે. તેમજ વાવની જમણી બાજુના ગવાક્ષમાં ગણપતિ અને ડાબી બાજુના ગવાક્ષમાં શેષાશાઈ વિષ્ણુનું શિલ્પ આવેલ છે. પરનું આ શિલ્પો પણ તદ્દન ખંડિત અવસ્થામાં છે. ગુજરાત રાજ્ય પુરાતત્વ વિભાગ દ્વારા આ પ્રાચીન વાવ રક્ષિત જાહેર કરવમાં આવેલ છે.[15]

**ઉપસંહાર**:

સુરેન્દ્રનગરએ સંસ્કૃતિક જિલ્લો ગણાય છે. આ જિલ્લામાં વારંવાર દુષ્કાળ પડવાના કારણે પ્રજાનું સ્થળાંતર પણ સતત થતું રહ્યું છે. આ જીલ્લામાં દુષ્કાળને કારણે ઘણાં જળ સ્થાપત્યનું નિર્માણ થયું છે. તજજ્ઞો અને સંશોધન કર્તાઓના જણાવ્યા પ્રમાણે સુરેન્દ્રનગરમાં ૩૦૦ વાવ હતી. તેમાં કુલ ૬૫ વાવ અગત્યની છે. આ વાવો કપરા કાળમાં ઘણી મદદરૂપ નીવડી શકે. વાવ બનાવવાનો મુખ્ય હેતું પાણી સંગ્રહ કરવાનો અને લોકોને પાણી મળી રહે તે માટેનો છે. સુરેન્દ્રનગરની વાવના નામકરણો જોતા વિવિધ નામો જોવા મળે છે. ખાસ કરીને ધાર્મિક નામો વધારે જોવા મળે છે.

સુરેન્દ્રનગર જિલ્લાની વાવનું ઐતિહાસિક રૂપરેખા જોતા સ્થાપત્ય કલા નો અભ્યાસ કરતાં તેનો કાળક્રમ સોલંકી, વાઘેલા સમયના અને મુસ્લિમ સમયના સ્થાપત્યની અસર જોવા મળે છે. આ વિસ્તારની વાવ સોલંકીયુગથી લઈને ૧૯મી સદીની જોવા મળે છે.

## પાદનોંધ

[1] સાવલિયા, રામજી થા. (૨૦૦૦) *ગુજરાતના પ્રાચીન સરોવર, તળાવ અને કુંડો,* અમદાવાદ: યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ. પૃ. ૨૧

[2] *રાજ્ય દફતર ભંડાર ગાંધીનગર (૧૯૨૯),* વઢવાણ સ્ટેટ, પૃ.૨૯-૩૦

[3] *વઢવાણ મિત્ર મંડળ પત્રિકા,* (૨૯ નવેમ્બર ૨૦૦૦), વિશેષાંક, વઢવાણ, પૃ. ૨૮

[4] એજન પૃ. ૨૯

[5] નિર્મલ, રસિક (૨૦૦૫), *ઐતિહાસિક નગર વઢવાણ,* વઢવાણ: નગરપાલિકા, પૃ. ૯૯

[6] વઢવાણ મિત્ર મંડળ પત્રિકા પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૨૫-૨૬

[7] રાવલ, સુધીર એસ. ((સંપાદક), (૨૦૧૦), *ગુજરાતના જળમંદિરો,* ગાંધીનગર: માહિતી કચેરી, પૃ. ૩૫

[8] શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગારામ અને પરીખ, રસિકલાલ છોટાલાલ, (૧૯૭૪) *ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિક ઈતિહાસ: મૈત્રકકાલ અને અનુ મૈત્રકકાલ,* ગ્રંથ-૩, અમદાવાદ: ભો. જે. વિદ્યાભવન, પૃ. ૪૨૫

[9] રાજ્ય દફતર ભંડાર ગાંધીનગર, *વઢવાણ સ્ટેટ રીપોર્ટ* પૃ. ૨૭

[10] વઢવાણ મિત્ર મંડળ પત્રિકા પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૩૧-૩૨

[11] સરધારા, મનિષા (જુન, ૧૯૯૬), *ગુજરાતનું વાવ સ્થાપત્ય,* પથિક અંક- ૯ પૃ. ૫

[12] શાસ્ત્રી, હરિપ્રસાદ પૃવોક્ત ગ્રંથ, પૃ. ૪૨૫

[13] શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગારામ, (૧૯૭૯), *ગુજરાતના ઐતિહાસિક અભિલેખો ગ્રંથ-૪,* અમદાવાદ પૃ. ૨૪

[14] રાવલ, સુધીર પૃવોક્ત ગ્રંથ, પૃ. ૨૪-૨૫

[15] એજન, પૃ. ૩૦